# ગુરુગ્રામથી નોઇડા સુધી ફેલાઈ વેતન વધારાની હિંસક આગ

**એનસીઆરના** ઔદ્યોગિક વિસ્તારોમાં કામદારોનો પથ્થરમારો

**350** ફેક્ટરીઓમાં તોડફોડ, ઘણી ગાડીઓ સળગાવી

**દિલ્હી-**નોઇડા બોર્ડર પર કલાકો સુધી ટ્રાફિક જામ

**DND** ફલાયઓવર અને NH-9 પર ચક્કાજામથી જનજીવન પ્રભાવિત






નવી દિલ્હી, તા. 13: ગુરુગ્રામથી શરૂ થયેલા લઘુત્તમ વેતન વધારાના આંદોલને હવે આખા દિલ્હી-એનસીઆર (નેશનલ કેપિટલ રીજન)ને બાનમાં લીધું છે. હરિયાણાના ગુરુગ્રામમાં વેતન વધારાની માગ સફળ થયા બાદ, સોમવારે નોઇડામાં પણ કામદારોના વિરોધ પ્રદર્શને હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. નોઇડાના વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રોમાં કામદારો રસ્તા પર ઉતરી આવ્યા હતા, જેના કારણે ભારે તોડફોડ, આગજની અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

આ વિવાદની શરૂઆત 3 એપ્રિલના રોજ માનેસર (ગુરુગ્રામ) સ્થિત હોન્ડા મોટરસાઇકલ એન્ડ સ્કૂટર ઇન્ડિયાના પ્લાન્ટથી થઈ હતી, જ્યાં હજારો કામદારોએ લઘુત્તમ વેતન વધારાની માગ સાથે દેખાવો કર્યા હતા. આ માગ ઝડપથી માનેસરની અન્ય 12થી વધુ કંપનીઓમાં ફેલાઈ ગઈ હતી. કામદારોનો તર્ક હતો કે વધતી જતી મોંઘવારી સામે તેમનો પગાર ઘણો ઓછો છે. ખાસ કરીને એલપીજી સિલિન્ડરના ભાવમાં 500 રૂપિયાનો વધારો અને અનાજ, તેલ જેવી જીવનજરૂરી વસ્તુઓના ભાવ વધારાને કારણે 11,000 રૂપિયાના માસિક પગારમાં ઘર ચલાવવું, ભાડું ભરવું અને બાળકોનું શિક્ષણ પૂરું પાડવું અશક્ય બની ગયું છે.

હરિયાણા સરકારે આ ગંભીરતાને સમજીને 8 એપ્રિલના રોજ લઘુત્તમ વેતનમાં 35 ટકાનો વધારો જાહેર કર્યો હતો. નવા માળખા મુજબ, અકુશળ કામદારોને 15,220 રૂપિયા, અર્ધ-કુશળને 16,780.74 રૂપિયા, કુશળ કામદારોને 18,500.81 રૂપિયા અને ઉચ્ચ કુશળ કામદારોને 19,425.85 રૂપિયા મળવા પાત્ર છે. જોકે, વહીવટીતંત્ર આ નિર્ણયની માહિતી કામદારો સુધી પહોંચાડવામાં નિષ્ફળ રહ્યું અને કલમ 163 (144) લાગુ કરી દીધી, જેના કારણે પોલીસ અને કામદારો વચ્ચે ઘર્ષણ થયું અને હિંસા ફાટી નીકળી હતી. આ મામલે 56 તોફાનીઓની ધરપકડ કરવામાં આવી છે.

### નોઇડામાં હિંસા અને અરાજકતા

ગુરુગ્રામની સફળતા જોઈને નોઇડાના કામદારોએ પણ આંદોલન શરૂ કર્યું. કામદારોએ આક્ષેપ કર્યો કે તેમને 12 કલાકની શિફ્ટ કરાવાય છે, છતાં પગાર ઘણો ઓછો છે. મહિલા કામદારોએ આક્ષેપ કર્યો કે તેમને ઘણીવાર ડબલ શિફ્ટના કાગળ પર સહી કરાવીને સિંગલ ડ્યુટીનું વેતન આપવામાં આવે છે. સોમવારે નોઇડાના ફેઝ 2, સેક્ટર 1, 59, 60, 62, 84 અને મધરસન ગ્રુપના યુનિટોમાં વિરોધ પ્રદર્શન હિંસક બન્યા હતા. પ્રદર્શનકારીઓએ અનેક વાહનોના કાચ તોડી નાખ્યા હતા અને કેટલીક મોટરસાઇકલોને આગ ચાંપી દીધી હતી. સેક્યુરિટી ગાર્ડ્સ અને પોલીસ પર પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો. તણાવ વધતા સેક્ટર 59ની ઘણી ફેક્ટરીઓને તાળા મારી દેવા પડ્યા હતા. દેખાવકારોએ પોલીસના એસયુવી વાહનો સળગાવ્યા હતા અને સરકારી મિલકતોને પથ્થરમારો કરી નુકસાન પહોંચાડ્યું હતું.

નોઇડાની અશાંતિ દિલ્હીમાં ન પ્રવેશે તે માટે દિલ્હી પોલીસ દ્વારા તમામ બોર્ડર પોઇન્ટ્સ પર કડક ચેકિંગ અને બેરિકેડિંગ કરવામાં આવ્યું છે. ત્યાં રેપિડ રિસ્પોન્સ ટીમ અને પેરામિલિટ્રી ફોર્સ તૈનાત કરાઈ છે.

### ટ્રાફિક અને જનજીવન પર અસર

આ વિરોધ પ્રદર્શનને કારણે દિલ્હી-નોઇડા બોર્ડર પર કિલોમીટરો સુધી લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. ખાસ કરીને ડીએનડી ફલાયવે અને નોઇડા લિંક રોડ (ચિલ્લા બોર્ડર) સંપૂર્ણપણે બ્લોક થઈ જતાં ઓફિસ જનારા હજારો લોકો કલાકો સુધી અટવાયા હતા. દિલ્હી ટ્રાફિક પોલીસે એડવાઈઝરી જારી કરીને લોકોને વૈકલ્પિક રૂટ વાપરવાની સલાહ આપી હતી. નેશનલ હાઈવે 9 પર પણ કામદારોએ ચક્કાજામ કર્યો હતો. પ્રશાંત શુક્લા નામના મુસાફરે જણાવ્યું કે તે DND ફલાયઓવર પર 2 કલાક સુધી જામમાં ફસાયો હતો.

### વહીવટીતંત્રની કાર્યવાહી

સ્થિતિને કાબૂમાં લેવા માટે નોઇડામાં ભારે પોલીસ બંદોબસ્ત સાથે પીએસી અને રેપિડ એક્શન ફોર્સ (આરએએફ)ની કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. ગૌતમ બુદ્ધ નગરના જિલ્લા મેજિસ્ટ્રેટ મેધા રૂપમે કામદારોની ફરિયાદો સાંભળવા માટે હેલ્પલાઇન નંબર જાહેર કર્યા છે અને ડેડિકેટેડ કંટ્રોલ રૂમની સ્થાપના કરી છે. નોઇડા ઓથોરિટીની બેઠકમાં કામદારોના હિતો, ઓવરટાઇમ માટે બમણું વેતન, બોનસ, સાપ્તાહિક રજા અને સુરક્ષા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી છે. હાલમાં સમગ્ર વિસ્તારમાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.

## પેજ 3

## આશા ભોંસલેને અંતિમ વિદાય આપવા ઉમટ્યું સિનેમા અને ક્રિકેટ જગત

**સચિન** તેંડુલકર, એઆર રહેમાન અને આશા પારેખ સહિતની હસ્તીઓએ આપી શ્રદ્ધાંજલિ



મુંબઈ, તા. 13 (PTI): પીઢ અભિનેત્રીઓ આશા પારેખ, હેલન, સંગીતકાર એઆર રહેમાન અને ક્રિકેટ આઈકોન સચિન તેંડુલકર એ મિત્રો અને સાથીદારોમાં સામેલ હતા જેમણે સોમવારે અહીં સુપ્રસિદ્ધ ગાયિકા આશા ભોંસલેના નિવાસસ્થાને જઈને તેમને અંતિમ શ્રદ્ધાંજલિ આપી હતી. ભોંસલેનું રવિવારે સવારે બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં 92 વર્ષની વયે મલ્ટી-ઓર્ગન ફેલ્યોરને કારણે નિધન થયું હતું. તેમના લોઅર પરેલ સ્થિત નિવાસસ્થાન ‘કાસા ગ્રાન્ડે’ ખાતે તેમના પાર્થિવ દેહને અંતિમ દર્શન માટે કાચની પેટીમાં રાખવામાં આવ્યો હતો, જે ત્રિરંગામાં લપેટાયેલો છે અને સફેદ લીલીના ફૂલોથી શણગારેલો છે. રાજ્ય સન્માનના ભાગરૂપે પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. ફૂલોની ભવ્ય સજાવટ વચ્ચે ભોંસલેની એક મોટી સ્મિત કરતી તસવીર રાખવામાં આવી હતી. પૃષ્ઠભૂમિમાં તેમની દાયકાઓ લાંબી કારકિર્દીના ગીતો જેવા કે “આઓ હુઝૂર તુમકો”, “આઈએ મેહરબાન”, “ઝુમકા ગિરા રે”, “દિલ ચીઝ ક્યા હૈ”, “ઓ સાથી રે” અને “યાઈ રે યાઈ રે” વાગી રહ્યા હતા. ભોંસલેના ભાઈ-બહેન ઉષા મંગેશકર અને હૃદયનાથ મંગેશકર પણ હાજર હતા, જેમાં હૃદયનાથ વ્હીલચેર પર બેઠેલા જોવા મળ્યા હતા. તેમની મોટી બહેન લતા મંગેશકરનું ફેબ્રુઆરી 2022 માં 92 વર્ષની વયે નિધન થયું હતું. રહેમાન, તેમના નિવાસસ્થાને પહોંચનારા પ્રથમ વ્યક્તિ હતા. તેંડુલકર ટૂંક સમયમાં જ તેમની પત્ની અંજલિ સાથે આવ્યા હતા. આશા પારેખે ભોંસલેને અંતિમ શ્રદ્ધાંજલિ આપતા પહેલા ગાયિકાના પરિવાર સાથે મુલાકાત કરી હતી.`લને અંતિમ શ્રદ્ધાંજલિ આપ્યા બાદ ભોંસલેના પુત્રને ગળે લગાડ્યા હતા. અભિનેતા જેકી શ્રોફ શોક વ્યક્ત કર્યા બાદ એક ખૂણામાં ચુપચાપ ઉભા હતા. મહારાષ્ટ્રના રાજ્યપાલ જીષ્ણુ દેવ વર્મા, અભિનેતાઓ તબુ, રિતેશ દેશમુખ, રેણુકા શહાણે, ફિલ્મ નિર્માતા રાકેશ રોશન અને એનસીપી નેતા સુપ્રિયા સુલે સહિત અન્ય મહાનુભાવો પણ પરિવારને સાંત્વના આપતા જોવા મળ્યા હતા. શ્રદ્ધાંજલિ આપવા આવેલા અન્ય લોકોમાં ગાયકો લેસ્લી લુઈસ, અનુરાધા પૌડવાલ, જસ્પિન્દર નરુલા, તલત અઝીઝ, હરિહરન અને ઉદિત નારાયણ, કલાકારો પૂનમ ઢિલ્લોન, મીનાક્ષી શેષાદ્રી અને સચિન પીલગાંવકર અને ફિલ્મ નિર્માતા આશુતોષ ગોવારીકર અને સુભાષ ઘાઈનો સમાવેશ થાય છે.

## આથિયા શેટ્ટીએ આશા ભોંસલેની જગ્યાએ લતા મંગેશકરને શ્રદ્ધાંજલિ આપી



મુંબઈ, તા. 13 :12 એપ્રિલ 2026ના રોજ લિજેન્ડરી સિંગર આશા ભોંસલેનું નિધન થયું. જેના કારણે આખી ઇન્ડસ્ટ્રી શોકમાં ડૂબી ગઈ છે અને ઘણા દિગ્ગજ એક્ટર્સ તેમજ બોલિવૂડ કલાકારોએ સિંગરને શ્રદ્ધાંજલિ આપી. પરંતુ આ દરમિયાન બોલિવૂડ એક્ટર સુનીલ શેટ્ટીની પુત્રી આથિયા શેટ્ટીએ આશા ભોંસલેને શ્રદ્ધાંજલિ આપતાં એક એવી ભૂલ કરી દીધી કે દરેક વ્યક્તિ તેની ટીકા કરતા જોવા મળી રહી છે. હકીકતમાં બન્યું એવું કે આથિયા શેટ્ટીએ હાલમાં જ પોતાના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી આશા ભોંસલેને શ્રદ્ધાંજલિ આપતા તેમની જગ્યાએ તેમની મોટી બહેન લતા મંગેશકરની તસવીર શેર કરી દીધી. જોકે લતા મંગેશકર પણ આ દુનિયાને અલવિદા કહી ચૂક્યા છે અને તેમનું નિધન વર્ષ 2022માં થયું હતું.

## મીના મંગેશકર વ્હીલચેયર પર બેસી નાની બહેનને શ્રદ્ધાંજલિ આપવા આવ્યા



મુંબઈ, તા. 13: સુપ્રસિદ્ધ ગાયિકા આશા ભોંસલેનાં નિધન બાદ મંગેશકર પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. 12 એપ્રિલે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં તેમના અવસાન બાદ, સોમવારે અંતિમ દર્શન માટે અનેક સેલેબ્રિટીઝ અને ચાહકો ઉમટી પડ્યા હતા. આ દુઃખદ સમયે આખો પરિવાર એકસાથે જોવા મળ્યો હતો. આશાજીની વિદાયથી તેમની બહેનો ઉષા મંગેશકર અને મીના મંગેશકર ભારે આઘાતમાં છે. ઉષા મંગેશકરે અશ્રુભીની આંખોથી આશાજીને શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. મીના મંગેશકર વ્હીલચેયર પર બેસીને પોતાની નાની બહેનને અંતિમ વિદાય આપવા પહોંચ્યા હતા, જે દ્રશ્ય જોઈ ત્યાં હાજર સૌની આંખો નમ થઈ ગઈ હતી. નાની બહેન આશાને ગુમાવવાનું દુઃખ મીના મંગેશકરના ચહેરા પર સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું.

## આશા ભોંસલેને શ્રદ્ધાંજલિ આપવી પાકિસ્તાની ચેનલને ભારે પડી

ઈસ્લામાબાદ, તા. 13: પાકિસ્તાનના ઈલેક્ટ્રોનિક મીડિયાના નિયામક મંડળ (PEMRA)એ ભારતનાં સુપ્રસિદ્ધ ગાયિકા આશા ભોંસલેને શ્રદ્ધાંજલિ આપવા બદલ ‘જીઓ ન્યૂઝ’ ચેનલને શો-કોઝ નોટિસ પાઠવી છે. 12 એપ્રિલે મુંબઈમાં આશા ભોંસલેના અવસાન બાદ, ચેનલે તેમના સંસ્મરણો અને ગીતો પ્રસારિત કર્યા હતા. પાકિસ્તાની સત્તાવાળાઓએ તેને સુપ્રીમ કોર્ટના વર્ષ 2018ના એ આદેશનું ઉલ્લંઘન ગણાવ્યું છે, જેમાં ભારતીય કન્ટેન્ટના પ્રસારણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. જીઓ ન્યૂઝના મેનેજિંગ ડિરેક્ટર અઝહર અબ્બાસે આ પગલાની ટીકા કરતા કહ્યું કે, આશા ભોંસલે જેવી મહાન કલાકારના કાર્યને સેલિબ્રેટ કરવું એ પરંપરા છે. પાકિસ્તાનના પત્રકારો અને કલાકારોએ પણ આ નોટિસનો વિરોધ કર્યો છે. અનેક લોકોનું કહેવું છે કે કળા અને સંસ્કૃતિને સીમાઓમાં બાંધી શકાય નહીં. એક પત્રકારે કહ્યું અમને ‘ઝિયા-ઉલ-હકના તાનાશાહી યુગમાં પાછા ન લઈ જાવ’. PEMRAએ ચેનલના સીઈઓને 27 એપ્રિલે હાજર થવા અને 14 દિવસમાં ખુલાસો કરવા આદેશ આપ્યો છે.

## ઈરાન યુદ્ધ મામલે પોપ અને ટ્રમ્પ વચ્ચે ઉગ્ર તડાફડી

**પોપે** વેટિકનમાં પ્રાર્થના સભામાં ટ્રમ્પનું નામ લીધા વિના કહ્યું કે સર્વશક્તિમાન હોવાનો ભ્રમ આ યુદ્ધ કરાવી રહ્યો છે

**ટ્રમ્પે** વળતી ટીકા કરતા કહ્યું કે પોપ એક નબળા ધર્મગુરુ છે અને ડાબેરીઓને પ્રોત્સાહન આપી રહ્યા છે

**જવાબમાં** પોપે કહ્યું કે હું ટ્રમ્પ પ્રશાસનથી ડરતો નથી

વેટિકન, વોશિંગ્ટન, તા. ૧૩: રોમન કેથોલીક ખ્રિસ્તીઓના સર્વોચ્ચ ધર્મગુરુ પોપ લિયો દ્વારા તેમના ધાર્મિક પ્રવચનમાં અમેરિકાએ ઈરાન પર લાદેલા યુદ્ધની દેખીતી ટીકા કરી તે પછી અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની વચ્ચે ઉગ્ર શાબ્દિક યુદ્ધ સર્જાયું છે જેમાં ટ્રમ્પે પોપને નબળા ધર્મગુરુ ગણાવ્યા હતા જ્યારે પોપે કહ્યું હતું કે પોતે ટ્રમ્પ પ્રશાસનથી ડરતા નથી.

અમેરિકામાં જન્મેલા પોપ લિયો-XIVએ શનિવારે સેન્ટ પીટર્સ બેસિલિકામાં સાંજની પ્રાર્થના સભાનું નેતૃત્વ કર્યા પછી વિવાદ શરૂ થયો હતો. પોપે અમેરિકા અથવા ટ્રમ્પનું નામ લીધું ન હતું, પરંતુ તેમનો સૂર અને સંદેશ ટ્રમ્પ અને યુએસ અધિકારીઓ તરફ નિર્દેશિત હોય તેવું લાગતું હતું, જેમણે અમેરિકી સૈન્ય શ્રેષ્ઠતાની બડાઈ હાંકી છે અને યુદ્ધને ધાર્મિક દ્રષ્ટિએ વ્યાજબી ઠેરવ્યું છે. લિયોએ કહ્યું હતું કે ભગવાન યુદ્ધ કરનારાઓની પ્રાર્થના સાંભળતા નથી, પરંતુ તેમને નકારી કાઢે છે. તેમણે ધર્મ પુસ્તક ઓલ્ડ ટેસ્ટામેન્ટના એક ફકરાનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં કહેવાયું છે કે ભલે તમે ઘણી પ્રાર્થનાઓ કરો, હું સાંભળીશ નહીં - તમારા હાથ લોહીથી ભરેલા છે. પોપે એમ પણ કહ્યું હતું કે સર્વશક્તિમાન હોવાનો ભ્રમ અમેરિકા-ઈરાન યુદ્ધને વેગ આપી રહ્યો છે. આના પછી ટ્રમ્પે પોપની આકરી ટીકા કરી હતી. ટ્રમ્પે તેમની પોસ્ટમાં લખ્યું, પોપ લિયો ગુનાખોરી બાબતે નબળા છે અને વિદેશ નીતિ માટે ભયાનક છે. મારે એવા પોપ નથી જોઈતા જેમને લાગે કે ઈરાન પાસે પરમાણુ હથિયાર હોય તે યોગ્ય છે. તેમણે પત્રકારો સમક્ષ પણ આ જ લાગણી દોહરાવતા કહ્યું, અમને એવા પોપ ગમતા નથી જે કહે છે કે પરમાણુ હથિયાર રાખવું ઠીક છે. તેમણે એમ પણ કહ્યું હતું કે પોપ ડાબેરીઓને પ્રોત્સાહન આપી રહ્યા છે. આના પછી સોમવારે ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલા પ્રહારોનો વળતો જવાબ પોપે આપ્યો હતો. પત્રકારો સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે શાંતિ અને સમાધાન માટે વેટિકનની અપીલ ગોસ્પેલ(બાઈબલના સંદેશ) માં રહેલી છે અને તેઓ ટ્રમ્પ વહીવટીતંત્રથી ડરતા નથી.

## ટ્રમ્પે પોતાને ઈસુ જેવા દર્શાવતી તસવીર મૂકી!



**સોશ્યલ** મીડિયા પર મૂકેલી આ તસવીરમાં લાંબો ઝભ્ભો પહેરેલા દૈવી પ્રકાશ સાથેના ટ્રમ્પ એક બિમાર વ્યક્તિને માથે હાથ મૂકતા દેખાય છે

વૉશિંગ્ટન, તા. ૧૩: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે રાત્રે પોપ લિયો-XIV સાથેના જાહેર વિવાદ બાદ, પોન્ટિફના નેતૃત્વ અને રાજકીય સમજ પર આકરા પ્રહારો કરતા સોશિયલ મીડિયા પર પોતાની જાતને ઈસુ ખ્રિસ્ત જેવા સ્વરૂપમાં દર્શાવતી એક તસવીર શેર કરી છે.

આ તસવીરમાં ટ્રમ્પ ઝભ્ભો પહેરેલા, દૈવી પ્રકાશથી ઘેરાયેલા અને એક બિમાર વ્યક્તિને સાજો કરતા દેખાય છે, જ્યારે તેમની આસપાસ દેવદૂતો અથવા સૈનિકો જેવી આકૃતિઓ જોવા મળે છે. એક નર્સ પ્રાર્થના કરતી દેખાય છે અને એક વ્યક્તિ અહોભાવથી ટ્રમ્પને જોઈ રહે છે. ટ્રમ્પની પોપ લિયો XIV વિરુદ્ધની આકરી ટિપ્પણીઓ બાદ આ પોસ્ટ સામે આવી છે. શનિવારની વેટિકનની પ્રાર્થનામાં પોપના નિવેદન પછી વિવાદ સર્જાયો છે.



સોંગક્રાન વોટર ફેસ્ટિવલ એ થાઈલેન્ડના નવા વર્ષની શરૂઆતમાં દર વર્ષે યોજાતી ઉજવણી છે. પાણીનો છંટકાવ શુદ્ધિ અને સૌભાગ્યનું પ્રતીક માનવામાં આવે છે. આ ઉત્સવમાં લોકો વિવિધ રીતે એકબીજા પર પાણી છાંટીને ઉજવણી કરે છે અને આનંદ માણે છે. કેટલાક લોકો વિવિધ વેશભૂષા પણ ધારણ કરે છે. આ વખતે એક શખ્સ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જેવો દેખાવ ધારણ કરીને આવેલો જોવા મળ્યો હતો.

## નાસિક TCS વિવાદ: મહિલા કર્મચારીઓની જાતીય સતામણી અને ધર્મ પરિવર્તનના આક્ષેપોથી ખળભળાટ

**ગ્રુપ** લીડરો મહિલા કર્મચારીઓની છેડતી કરતા હતા અને ધર્મ બદલવા દબાણ કરતા હતા તેવી ફરિયાદો નોંધાઇ

**હિન્દુ** મહિલા કર્મચારીઓને નમાઝ પઢવા અને રોઝા રાખવા ફરજ પડાતી હોવાના આક્ષેપ

- છ કર્મચારીઓની ધરપકડ, પોલીસે તપાસ માટે SITની રચના કરી

### ઉગ્ર રાજકીય પ્રત્યાઘાતો: ભાજપ કોર્પોરેટ જેહાદનો કેસ ગણાવ્યો

ભાજપના નેતા બંડી સંજય કુમારે તેને કોર્પોરેટ જેહાદ કેસ ગણાવ્યો છે. બીજી તરફ, શિવસેના (UBT) ના નેતા પ્રિયંકા ચતુર્વેદીએ કાર્યસ્થળ પર સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી અને TCS ના પ્રતિસાદને અપૂરતો અને બેજવાબદાર ગણાવ્યો છે. મહારાષ્ટ્રના મંત્રી અને ભાજપના નેતા ગિરીશ મહાજને નાસિકની TCS કંપની, જ્યાં અનેક યુવતીઓ કામ કરે છે, ત્યાં બનેલી ઘટનાને ખૂબ જ કમનસીબ અને શરમજનક ગણાવી હતી.

### TCS કહે છે કે સતામણી અંગે ઝીરો ટોલરન્સ

TCS એ સ્પષ્ટ કર્યું છે કે તેઓ સ્થાનિક કાયદા અમલીકરણ સત્તાવાળાઓ સાથે સહકાર આપી રહ્યા છે અને તપાસના નિષ્કર્ષના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે. તેણે જણાવ્યું છે કે તે જાતીય સતામણી અંગે શૂન્ય સહિષ્ણુતા નીતિ ધરાવે છે અને જેમની સામે આક્ષેપો થયા છે તે તમામ કર્મચારીઓને તેમની સામે તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જો કે મહિલા કર્મચારીઓએ કંપનીના એચઆરને આ અગાઉ ફરિયાદ કરી જ હતી છતાં કેમ કોઇ પગલા ત્યારે લેવાયા નહીં તે બાબતે પ્રશ્ન ઉઠ્યો છે.

નાસિક, તા. ૧૩: મહારાષ્ટ્રના નાશિકમાં આઈટી ક્ષેત્રની દિગ્ગજ કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS)ની અનેક મહિલા કર્મચારીઓએ તેમના ટીમ લીડર્સ પર જાતીય સતામણી અને કાર્યસ્થળ પર ધર્મ પરિવર્તનના પ્રયાસોના આક્ષેપો કરતા મોટો વિવાદ ફાટી નીકળ્યો છે.

આ મામલે મહારાષ્ટ્રના વિવિધ પોલીસ સ્ટેશનોમાં બળાત્કાર સહિતના અનેક ગુનાઓ નોંધવામાં આવ્યા છે અને અત્યાર સુધીમાં ઓછામાં ઓછા છ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

એફઆઈઆર મુજબ, કર્મચારીઓ પર મહિલાઓની છેડતી કરવાનો અને તેમને ધર્મ પરિવર્તન માટે લલચાવવાનો આરોપ છે. ૯ એપ્રિલના એક અહેવાલ મુજબ, ૧૮ થી ૨૫ વર્ષની વયની મહિલાઓ દ્વારા નોંધાવવામાં આવેલી આ કથિત ઘટનાઓ ૨૦૨૨ની આસપાસ શરૂ થઈ હતી અને છેલ્લા બે થી ત્રણ વર્ષથી ચાલી રહી હતી.

ધરપકડ કરાયેલા લોકોમાં આસિફ અંસારી, શફી શેખ, શાહરૂખ કુરેશી, રઝા મેમણ અને તૌસિફ અત્તારનો સમાવેશ થાય છે. સમાચાર એજન્સી ANIના જણાવ્યા મુજબ, અન્ય એક કર્મચારી અશ્વિન ચૈનાનીની પણ ધરપકડ કરવામાં આવી છે. પોલીસ અન્ય એક મહિલા એચઆર અધિકારીની પણ શોધ કરી રહી છે. મહારાષ્ટ્રના મંત્રી અને ભાજપના નેતા ગિરીશ મહાજને જણાવ્યું હતું કે, કંપનીના ચાર થી પાંચ મુસ્લિમ કર્મચારીઓ અને કેટલાક અધિકારીઓએ યુવતીઓને નોકરી અને સારા પગારની લાલચ આપીને ફસાવી હતી.

તેમણે દાવો કર્યો હતો કે મહિલાઓને નમાઝ પઢવા અને રોઝા રાખવા માટે મજબૂર કરવામાં આવી હતી. TCS એ એક નિવેદનમાં જણાવ્યું છે કે તે જાતીય સતામણી સામે ઝીરો ટોલરન્સ ધરાવે છે અને તપાસ હેઠળના કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જો કે, અગાઉ એચઆરને કરવામાં આવેલી ફરિયાદો પર કેમ ધ્યાન આપવામાં ન આવ્યું તે અંગે પ્રશ્નો ઉઠી રહ્યા છે. પોલીસે એસીપી રેન્કના અધિકારી હેઠળ ૧૨ સભ્યોની ખાસ તપાસ ટીમ (SIT)ની રચના કરી છે અને તપાસ ટેકનિકલ તેમજ ભૌતિક પુરાવા પર આધારિત છે.

આ કેસમાં એવા પણ આક્ષેપો છે કે માત્ર મહિલાઓ જ નહીં, પરંતુ એક પુરુષ કર્મચારીનું પણ બ્રેઈનવોશ કરીને તેને ધર્મ પરિવર્તન માટે દબાણ કરવામાં આવ્યું હતું. કેટલીક મહિલા પોલીસ કર્મચારીઓએ છૂપા વેશે કંપનીમાં જઈને વોચ રાખતા એક કર્મચારી સતામણી કરતા રંગે હાથ ઝડપાયો હતો. પોલીસ આ ઓફિસના સીસીટીવી ફૂટેજ પણ તપાસી રહી છે.